

## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*બજારે બેઠી ડીગ્રીથી કારકિર્દી ચળકવી છે,*
*આડ રસ્તાની આવકથી સમૃદ્ધિ ખડકવી છે,*
*વ્યાપ છે વ્યાપક શિક્ષણમાં વ્યાપમ ગોટાળાનો -*
*હાઈવે થી જવું ને કોઈને, કેડી પકડવી છે!*
*(MPમાં ૬૫૦ ડોકટર્સની ડીગ્રી રદ્દ)*

હાઈકુ

*થાય છે ચર્ચા*
*'કીટલી' ની ભાષામાં -*
*આ રાજદ્વારે...*

*'નલિયા' નામ*
*લાગે છે ગાળ જેવું -*
*બોલો તો શર્મ...*

### ચિંતન

*રજત સીપ મહું ભાસ જિમિ, જથા ભાનુકર બારિ ।*
*જદપિ મૃષા તિહું કાલ સોઈ, ભ્રમ ન સકઈ કોઉ ટારિ ॥*

ઉપરોક્ત દોહો બાલકાંડમાંથી લેવામાં આવેલ છે.

જેમ છીપમાં ચાંદીનો અને સૂર્યકિરણમાં પાણીનો ભ્રમ થાય છે, તે ત્રણે કાળમાં મિથ્યા છે. તો પણ એ ભ્રમ ને કોઈ હટાવી શકતું નથી તેમ, માયાવી જગતનો ભ્રમ પણ ટળતો નથી.

દરિયા કિનારે પડેલી છીપમાં જયારે પાણી પર સૂર્યકિરણ પડે ત્યારે મેઘધનુષ્ય કે ચાંદી પડી હોય એવો આભાસ થાય છે. જે ખોટો જ છે.

એવી જ રીતે સાંસારિક સંબંધો - ભોગ - ઉપભોગો, ધન-સમૃદ્ધિ, એ બધું જ 'મામા' છે ન સ્વર છે સાથે તો કંઈ જ આવવાનું નથી. છતાં માણસ મોહ-મમતાથી એમાં બંધાય છે અને બધાંને મારાં-મારાં, મારું મારું કરે છે. માયા જ હોવા છતાં આપણે તેને ઓળખી ન છોડી શકતા નથી એ આપણી લાચારી છે.

### સુવિચાર

- ગરીબાઈના હાથ સીધા પેટ સુધી લંબાય છે - **સમરસેટ મોમ**
- આચારમાં મૂકી શકાય એવું ચપટીક જ્ઞાન વધારે સારું છે પણ આચાર વિનાનું અઢળક જ્ઞાન વાંઝિયું છે - **ઝેન કથન**
- જે દિવસથી માછલીને પાણીનો ભય લાગે ત્યારે સમજવું કે માછલીને પાણી સાથે કશું વાંકું પડ્યું છે. સંબંધમાં નિર્ભયતા હોય એ જ સાચો સંબંધ છે - **રજનીશ**
- કોઈ આપણને ચાહે અને આપણે કોઈને ચાહીએ એના જેવો અસ્તિત્વનો કોઈ ઉત્સવ નથી - **સુરેશ દલાલ**
- એક ઈચ્છામાંથી બીજી ઈચ્છા જન્મે છે અને આમ એની સંખ્યાનો પાર હોતો નથી. સંખ્યામાંથી શૂન્ય તરફ જઈએ તો આપમેળે પ્રભુકૃપા અવતરશે - **એસ. ભટ્ટાચાર્ય**
- બૌદ્ધિકતા એ મનનો ગુણધર્મ છે, આત્માનો નહીં, આત્માને તો ભક્તિ સિવાય કશું જ ન ખપે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : ૧૦ ગ્રામ લસણ તથા ૩૦ ગ્રામ કાળા તલ વાટી રોજ ખાવાથી થોડા દિવસમાં વાઈનો રોગ મટે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

જે વ્યક્તિ પોતાની ફરજ-કર્તવ્ય સંપૂર્ણ નિષ્ઠાથી બજાવે એ જ કર્મયોગ - ભક્તિ છે - એવા લોકો જ 'સંત', 'સજ્જન' કહેવાય.

સંત ઈબ્રાહીમ એક શેઠની વાડીની રખેવાડી કરતા હતા. વાડીમાં અનેક ફળફૂલના ઝાડ હતા. શેઠના મિત્રોને કાને 'સંત ઈબ્રાહીમ' વાત આવી. શેઠને કહ્યું તમારો નોકર તો ખૂબ મોટો 'સંત' છે. શેઠને માનવામાં ન આવ્યું. બધા કહે ચાલો કસોટી કરીએ.

શેઠ અને મિત્રો વાડીએ ગયા - શેઠે, નોકર ઈબ્રાહીમને થોડાંક જુદાં જુદાં પાકાં ફળ લાવવાનો આદેશ આપ્યો. સંત ઈબ્રાહીમે - ફળોનો ઢગલો કરી ધોઈ-સમારી શેઠને આપ્યો. શેઠને મિત્રો ખાવા લાગ્યા. ત્યાં બધા બોલ્યા. આ તો ખાટાં છે, કડછાં, કાચાં છે.

શેઠે ઈબ્રાહીમને ઠપકો આપતાં કહ્યું, તું આટલા વરસથી વાડીમાં છે પણ તને એટલી ખબર નથી કે કયા ફળ મીઠાં છે? સંતે વિનમ્રતાથી જવાબ દીધો, શેઠ! આપણી વાડીનો હું રખેવાળ છું ફળ ચાખતો નથી.

શેઠે હવે સંત ઈબ્રાહીમને ઓળખ્યા. વંદન કરી માનપાન દીધાં.

# તામિલનાડુમાં રાજકીય અસ્થિરતાનો યુગ શરૂ

**તંત્રીસ્થાનેથી...**


સામાન્ય રીતે ડીએમકે અથવા અન્નાડીએમકે વચ્ચે સત્તાની ગળાકાપ સ્પર્ધા તામિલનાડુ હંમેશા સ્થિર શાસન ધરાવતા રાજય તરીકેની આગવી ઓળખ ધરાવતું રહ્યું છે. કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષને જાકારો આપી દીધા પછી તામિલનાડુ આ બે દ્રવિડ પાર્ટીઓનો ગઢ રહ્યું છે, દ્રવિડ વિચારધારાને વરેલી વાયકોની આગેવાનીવાળી એમડીએમકે અથવા પીએમકે જેવી પાર્ટીઓનું ઝાઝું વજૂદ રહ્યું નથી. છેલ્લા કેટલાંક વર્ષોથી દ્રમુક વડા એમ. કરુણાનીધિના પારિવારિક કલહને કારણે તથા ભ્રષ્ટાચારના વ્યાપક આક્ષેપોને લીધે એમનાથી સવાયાં ભ્રષ્ટાચારી પુરવાર થયેલાં છતાં ગરીબોની 'અમ્મા' તરીકેની ઓળખ ઊભી કરી શકેલાં અન્ના દ્રમુકનાં સર્વોચ્ચ નેતા જયલલિતાનું એકચક્રી શાસન ચાલતું હતું તે એ હદે કે અમ્માને હવે ચેન્નઈ નાનું લાગવા માંડ્યું હતું. વિપક્ષો સાથે ન થઈ નહીંતર એમને તો વડાપ્રધાન તરીકે ઊપસવાનું હતું. આખરે ચેન્નઈના પોએસ ગાર્ડન નિવાસે જ એમની અંતિમવિધિ સંપન્ન થઈ અને ભ્રષ્ટાચારના આરોપો સામે સુપ્રીમનો ચુકાદો આવે તે પહેલાં સમ્માનપૂર્વક વિદાય લઈ લીધું. પરંતુ એમના વારસદાર તરીકે ઊપસી આવેલાં શશીકલાનું મુખ્યમંત્રી બનવાનું સપનું અધવચ્ચે જ રોળાઈ ગયું. એમને પાર્ટીના સુકાન સંભાળી લીધું હતું અને ચૂંટાયેલા ધારાસભ્યો પૈકી ૧૨૪ જેટલા ધારાસભ્યોએ સોગંધનામું કરીને એમના પ્રત્યેની વફાદારી પણ વ્યક્ત કરી દીધી હતી. રાજયપાલ કોઈ અગમ્ય ઈશારાવશ શશીકલાને મુખ્યમંત્રીપદના શપથ લેવડાવવામાં વિલંબ કરી રહ્યા હતા ત્યાં ઓચિંતો જ સુપ્રીમકોર્ટનો ચુકાદો આવી પડતાં શશીકલાને મહેલને બદલે જેલમાં જવાની નોબત આવી છે. અમ્માના હનુમાન તરીકે ઓળખાતા પનીરસેલ્વમે પાર્ટી સુપ્રીમો શશીકલાની તરફેણમાં પદ પરથી રાજીનામું પણ આપી દીધું હતું પરંતુ શશીકલા આખરે શશીકલા હતાં - એ કાંઈ જયલલિતા નહોતા. રાજકારણમાં એ નવાં સવાં હતા અને ખુદ જયલલિતા સામે પણ દગો કરી ચૂકેલ હોઈ પાર્ટીના સિનિયર આગેવાનોમાં એમની નેતાગીરી સ્વીકારવાના મુદ્દે અવઢવ તો હતી જ. આખરે એ દ્વિધાએ બળવાનું સ્વરુપ ધારણ કર્યું હતુ અને અમ્માના હનુમાને જ એનું નેતૃત્વ સંભાળ્યું હતું. હવે પ્રશ્ન વિધાનસભાના ફલોર પર બહુમત સાબિત કરવાનો રહેતો હતો. હાલ કાર્યકારી મુખ્યમંત્રી તરીકે પનીરસેલ્વમ્ ચાલુ છે. શશીકલાને વીફરેલી નાગણની જેમ પોતાના હાથમાંથી બાજી સરી જતાં જ પનીરસેલ્વમ આણિ મંડળીને અન્નાદ્રમુકમાંથી બરતરફ કરી દઈ બંધારણીય કટોકટી સરજી છે. પાર્ટીના વિધાનસભાના નેતા તરીકે શશીકલાએ એમના વફાદાર પલનિસામીને ચૂંટાવી કાઢી ૧૨૪ ધારાસભ્યોના ટેકા સાથે મુખ્યમંત્રીપદના નવા દાવેદાર બનાવી દીધા છે. આથી સરજાયેલી બંધારણીય કટોકટીમાં હવે બાજી રાજયપાલ વિદ્યાસાગર રાવના હાથમાં આવી ગઈ છે. કેન્દ્ર સાથે ચર્ચાવિચારણા કરીને નવા મુખ્યમંત્રી તરીકે પલનિસામીને શપથ લેવડાવવા કે કેમ એનો નિર્ણય થશે. અન્ના દ્રમુકના નેતા અને કેન્દ્રની એનડીએ સરકારના ડેપ્યુટી સ્પીકર થામ્બીદુરઈએ પનીર સેલ્વમને ગદ્દાર ગણાવ્યા છે તે સૂચવે છે કે કેન્દ્ર પલનિસામીને સપથ લેવડાવવાની જ તરફેણ કરશે. પરંતુ તે પહેલાં દ્રમુક સહિતના વિપક્ષોની સાથે મળીને પનીર સેલ્વમ પોતાની ખુરશી બચાવવાના તમામ પ્રયાસો કરશે, એમાં શંકાને સ્થાન નથી. ટૂંકમાં તામિલનાડુમાં રાજકીય અસ્થિરતાનો યુગ શરુ થઈ ગયો છે. કેન્દ્ર આવી અસ્થિરતાનો લાભ લઈ રાષ્ટ્રપતિશાસન પણ લાદી શકે છે. શશીકલા સામે સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી એમનું રાજકીય ભવિષ્ય સમાપ્ત થઈ ગયું છે ત્યારે હવે તામિલનાડુમાં ઊભા થયેલા રાજકીય શૂન્યાવકાશમાં ત્યાંના લોકપ્રિય અભિનેતા રજનીકાંત અને કમલહસન સક્રિય થાય તો એમના તરફ પણ પ્રજા વળી શકે છે. કેન્દ્રના શાસક પક્ષને ગમે તે માધ્યમથી તામિલનાડુમાં સત્તામાં ભાગીદારી કરવી છે!

# આયુર્વેદના પાંચ બ્રેઈન ટોનિક

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય



આજના કોમ્પીટીશનના જમાનામાં ટકી રહેવું અઘરૂં છે. આ વાસ્તવિકતાને લઈને લગભગ દરેક માં-બાપ પોતાના સંતાન પ્રત્યે સજાગ હોય છે, અને તે માટેના દરેક પ્રયત્નો કરતા હોય છે. મારા ક્લિનિકમાં મોટાભાગના દરેક વાલિઓ પોતાના બાળકની યાદશક્તિ વધે, એકાગ્રતા વધે, આઈ.ક્યુ. વધે એ માટે કંઈક ને કંઈક માર્ગદર્શન અને દવાઓ મેળવતા રહેતા હોય છે.



યાદશક્તિ, એકાગ્રતા, આઈ.ક્યુ. આદિ મનનાં વિષયો છે. આયુર્વેદમાં મનને પોષણ આપતી અને મનને સ્વસ્થ રાખતી અનેક ઔષધિઓના વર્ણન છે. આવી ઔષધિઓને 'મેધ્ય' ઔષધિઓ કહે છે. (જે મેધા-બુધ્ધી વધારે તે મેધ્ય) આજે આપણે એવી પાંચ ઔષધિઓની વાત કરીએ કે જે શ્રેષ્ઠ મેધાવર્ધક છે એટલે કે બેસ્ટ બ્રેઈન ટોનિક છે.

(૧) બ્રાહ્મી: લગભગ દરેકની પરિચિત એવી બ્રાહ્મી યાદશક્તિ માટે શ્રેષ્ઠ છે. બ્રાહ્મીને લેટીન ભાષામાં 'સેંટેલા એશીયાટીકા' કહે છે. 'બાકોપા મોનાઈરી' નામની વનસ્પતિને પણ બ્રાહ્મી સાથે સરખાવે શકાય. બ્રાહ્મીના પાન જમીન પર પથરાયેલા હોય છે. પાનનો આકાર આપણા મગજ જેવો જ હોય છે. પાન ચાવવામાં થોડા નસાયા લાગે છે. રોજ ચાર-પાંચ પાન ચાવવાથી બ્રાહ્મીના ગુણો નું શરીરમાં સમયાંતરે સીંચન થવા લાગે. બ્રાહ્મી યાદશક્તિ વધારે છે, સ્ટ્રેસ દૂર કરે છે, અલ્ઝાઈમર રોગ અને એપિલેપ્સી એટલેકે વાઈમાં ફાયદાકારક છે અને આપણા ચેતાતંતુઓને પોષણ આપે છે

(૨) શંખપુષ્પી: આ પણ ખૂબ જાણીતી ઔષધિ છે. અલગ અલગ ફાર્મસીઓ જાત-ભાતની બોટલમાં શંખપુષ્પી ભરેલા એવા ખાંડના પ્રવાહીઓ જોરદાર માર્કેટીંગ કરીને વેંચે છે. શંખપુષ્પી આપણા ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં પુષ્કળ થાય છે. જો નેચરલ ફોર્મમાં લેવામાં આવે તો સૌથી ઉત્તમ, નહિંતર તેનો તૈયાર પાવડર પણ આયુર્વેદની દુકાને મળી જાય. ઉપયોગીતાની દ્રષ્ટિએ શંખપુષ્પી ઓલમોસ્ટ બ્રાહ્મી જેવી જ છે. શંખપુષ્પીથી ઉંઘ સારી આવે છે અને તે શરીરને ઝડપથી રીલેક્સ કરી દે છે.

(૩) જ્યોતિષ્મતિ: મતિની જ્યોતિને દૈદિપ્યમાન કરતી જ્યોતિષ્મતિને લેટીનમાં 'સિલેસ્ટ્રસ પેનીક્યુલાટસ' કહે છે. જ્યોતિષ્મતિ વાઈનું અદ્ભૂત ઔષધ છે. માનસિક રોગો જેવાકે સ્કીઝોફ્રેનીયામાં પણ ખૂબ અસરકારક છે. જ્યોતિષ્મતિ ખૂબ જલદ છે. તેના સીધા સંપર્કથી જીભમાં ચાંદા પડી શકે છે એટલે તેને કેપ્શ્યુલ ફોર્મમાં અથવા જ્યોતિષ્મતિના તેલને પતાશામાં નાખીને એ પતાશું ખાઈ જવું

(૪) વચા: લેટીનમાં 'એકોરસ કેલેમસ' તરીકે ઓળખાતી વચા વાચા આપનાર છે. બોલવાને લગતા રોગો જેવાકે તોતડાપણું, અટકાઈને બોલવું કે બાળકોમાં સમયસર બોલવાનું ન શરૂં થવું આદિમાં વચા શ્રેષ્ઠ ઔષધ છે. વચા યાદશક્તિ તેમજ માનસિક વિકાસ પણ વધારે છે. વચાની વાંસ ખૂબ તેજ છે. તેને વધું માત્રામાં લેવાથી ઉલ્ટીઓ થઈ શકે છે.

(૫) જટામાંસી: લેટીનમાં 'નોર્ડોસ્ટેકસ જટામાંસી' તરીકે ઓળખાતી જટામાંસી માનસિક રોગોનું શ્રેષ્ઠ ઔષધ છે. ઉન્માદ (માનસિક અસ્થિરતા) અને અપસ્માર (વાઈ) જેવા માનસિક રોગોમાં જટામાંસી ખૂબ અસરકારક છે. જટામાંસી ઉંઘ લાવનાર પણ છે, તેમજ તે મગજ ને પોષણ આપનાર છે. આયુર્વેદના આ પાંચ બ્રેઈન ટોનિક મનના દરેક પાસાઓ જેમકે બુધ્ધિ-મેધા, એકાગ્રતા, યાદશક્તિ આદિ દરેકને વધારનાર છે. પૂર્વશરત માત્ર એટલી જ કે આ દરેક ઔષધિ વ્યક્તિએ પોતાની પ્રકૃતિ અનુસાર અને યોગ્ય માત્રામાં લેવી જરૂરી છે, અને આ માટે આયુર્વેદિક ચિકિત્સકની સલાહ લેવી જરૂરી છે.

- contact@atharvaayu.com

# ઉજવી રહ્યાં છે ફૂલડાં ઉત્સવ વસંતનો

મનના ઉમંગો
રણછોડ પરમાર



ઉત્તરાયણ જાય એટલે ખરેખર તો શિયાળાના વળતા પાણી થાય અને છવ્વીસમી જાન્યુઆરી જાય પછી તો દિવસે સૂરજ ઉનાળાના જેવો તીખો તાપ પણ વેરવા માંડે. ઋતુચક્ર પ્રમાણે શિશિર જાય પછી પાનખર આવે અને પાનખરની વિદાય પછી વરણાગી વસંતના પરગણ થાય. પ્રદૂષણનું કારણ હોય કે ગમે તે હોય પણ શિશિર અને વસંતની વચ્ચે પાનખર કયારે આવે છે એની બિલકુલ ખબર પડતી નથી. રસ્તે ચાલતાં કયાંક આંબા પર મ્હોર જોઈએ અને ઘેર આવીએ ત્યારે સ્નેહીજનના લગ્નની કંકોત્રી બાળકો દ્વારા હાથમાં પડે ત્યારે ખબર પડે કે લગ્નગાળો શરુ થઈ ગયો. લ્યો! વસંતપંચમી આવી ગઈ. બાગોમાં કોઈ ફૂલોનો અસબાબ હજુ મંડાવો શરુ થયો નથી. જંગલમાં કેસૂડા ખીલ્યા હશે કે નહીં એની કોઈને ખબર નથી. શહેરમાં એક પછી એક વૃક્ષો વિકાસના ફળરુપે કપાતા જાય છે પણ જે થોડા ઘણાં આંબા બચ્યા છે એના ઉપર લીલમલીલો, ખટમધુરો મ્હોર કુણા તડકાના પ્યાલા ભરી ભરીને પીતો નજરે પડે છે. પારિજાતના ફૂલો ખાસ્સા ઓછા થઈ ગયા છે. સપ્તવર્ણીના પુષ્પો ખરી ગયા પછી ઘણા વાયરા વહી ગયા. ફક્ત ગલગોટા પૂરબહારમાં એના રંગ, રૂપ ને મ્હેંકથી છલકાઈ રહ્યા છે. ભ્રમરનો ગુંજારવ આ ધુમાડિયા હવામાનમાં કયાંક સાંભળવા મળતો નથી. કાળી કોયલના સાદ પણ હવે શહેરમાંથી ઘટવા માંડ્યા છે. તેવા સંજોગોમાં વસંતના આગમનની ખબર આપણને લગ્નની કંકોત્રી આપે છે. માનવજાતનો આ કેવો વિકાસ?

આ બધી વિસંગતતાઓ છતાં વસંત આવે અને ગમે તેવો નવો સવો કવિ વસંતની કવિતા ના લખે એ સંભવ નથી. અમારા જેવા કટારીયા પણ વરસાદની જેમ જ વસંતની પણ કાગડોળે રાત જોતા હોય છે. વસંત જેવી વસંતની કોયલની જેમ નહીં પણ કાગડોળે રાહ જોવી પડે એ બહુ અજૂગતું લાગે છે. ભાષાશાસ્ત્રીઓએ કાગડોળની જેમ કોયલ ડોળે જેવો શબ્દ સર્જ્યો હોત તો ઘણું સારું થાત. પણ ગમે તેમ શબ્દો બનાવી કઢાય નહીં એવું ભાષાશાસ્ત્રીઓ જાણતા હશે એટલે વસંત માટે કોયલડોળ શબ્દ ઉદ્ભવ થયો નથી. નહીંતર ચોમાસા માટે દાદુરડોળે, દેડકાડોળે કે પછી મહિષડોળે આપણે રાહ જોવી પડત. ઉત્તરાયણની પતંગડોળે રાહ જોતા હોય અને દિવાળીની ગૃહિણીઓ દીવાડોળે, બાળકો મીઠાઈડોળે અને નવોઢાઓ વસ્ત્રડોળે રાહ જોતી હોત. હાશ! આવું કશું થયું નથી એ સારું છે.

ગુજરાતી સાહિત્યમાં છંદોબદ્ધ કવિતાનો પ્રભાવ હતો ત્યારે દરવસંતે અગાઉના કટારલેખકો ન્હાનાલાલની 'રૂડો જુઓ ત્યાં ઋતુરાજ આવ્યો'ની પંક્તિથી પોતાના લેખનો પ્રારંભ કરતા હતા. ગઝલકારોએ એમના પગ જમાવ્યો પછી દરેક લેખક મનોજ ખંડેરિયાની ગઝલપંક્તિથી પોતાના લેખની શરુઆત કરે છે. આપણે શા માટે બાકાત રહીએ?

આ ડાળડાળ જાણે કે રસ્તા વસંતના,
ફૂલો એ બીજું કૈં નથી પગલાં વસંતના.
ફૂલો જો વસંતના પગલાં હોય તો આ ઋતુના તડકાને શું કહે છે આ કવિ?
ફાટું ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ન આવશે તડકા વસંતના.

આપણે આ જ રાગ અને ઢાળમાં લખાયેલી બીજી ગઝલોના શેર જોવાનો પ્રયત્ન કરીએ. જુદા જુદા ગઝલકારો વસંતને કેવી કેવી રીતે વર્ણવે છે તે જુઓ -

જોવા મળ્યું છે વન મહીં કાયમ વસંતમાં,
પથરાઈ ગઈ છે ફૂલની વસંતમાં.
- ગની દહીંવાલા

ખુશ્બુના તોરણોથી સજાવ્યો છે બાગને,
ઊજવી રહ્યા છે ફૂલડાં ઉત્સવ વસંતનો.
- આદિલ મન્સુરી

ફૂલોની છાબ લઈને હવે સાબદા બનો,
રણકી રહ્યાં છે પાદરે કંકણ વસંતના.
- બટુકરાય પંડ્યા

હરપળે હવે ગુલાબી છે ઈચ્છા વસંતની,
હરશ્વાસમાં સુહાય છે ઘટના વસંતની.
- કિશોર મોદી

ઊડે છે ઠેરઠેર ફુવારાઓ રંગના,
મન થાય છે કે ડૂબી મરીએ વસંતમાં.
- અમૃત ઘાયલ

રક્ષા જ કરવી હોય ખરેખર તો શીલની,
તો આમ એકલા ન કરીએ વસંતમાં.
- અમૃત ઘાયલ

આખ્ખાય આયખાને ઝબોળું વસંતમાં
એવો કંસુબી રંગ હું ઘોળું વસંતમાં.
- રાહી ઓધારિયા

રૂપેળી યાદની છલકતી પ્યાલી સાંજની,
હર કોઈ મોજથી પીઓ સુધા વસંતની.
- કિશોર મોદી

આ લેખની શરુઆતમાં કવિ ન્હાનાલાલની કાવ્યપંક્તિ ટાંકી હતી. પછી આપણા ગુજરાતી ગઝલકારોના સાનિધ્યમાં જતા રહ્યા. પરંતુ જતાં જતાં ફરી એકવાર કવિવર ઉમાશંકર જોષીની એક છંદોબદ્ધ કવિતાને યાદ કરી લઈએ. (પરોઢે ટહુકો)

કહેવું પડે કે, કવિ કોકિલાએ
કે પંચમી આવી વસંતની આ?
શું સ્વપ્નનો સૌરભભાર વ્હેતી
સ્પર્શી ન્હોતી ગઈ કે તને હવા?
લજ્જાલચેલી કળીથી નમેલી
ચમેલીએ અંગુલિથી ઈશારો
કીધો ન'તો? આમ્રની મંજરીએ
કોરી દીધી ના નિજ ગંધ - આકૃતિ
ત્વત્ચિત્તમાં ? વા તવ રક્તવ્હેણે
વાગ્યો ન ધક્કો સહણસા કહીંયથી
આભા અનોખી નીરખી દ્રુમોનાં
પર્ણો ખરે કૈં પલકંતી પુણ્યની?
- કહેવું પડે કે વળી કોકિલાએ?
- ઉમાશંકર જોશી

# માતૃભાષા ને માતૃભૂમિનો મહિમા પિછાણી સાચા વિશ્વમાનવ બનીએ...!

લાગણીનો મેળો
રસિક વાળંદ



''સદા સૌમ્ય શી વૈભવે ઉભરાતી,
મળી માતૃભાષા મને ગુજરાતી.
મળી હેમ આશિષ, નરસિંહ -મીરાં,
થયો પ્રેમભટ ને અખો.''
- ધીરા ભગત

પૂજી નર્મદે કાન્ત ગોવર્ધને જે,
સજી ન્હાનલે કલ્પના ભવ્ય જે.
ધ્રુવા સત્યસાથી, અહિંસા સુહાતી,
નમો ધન્ય ગાંધી ગિરા ગુજરાતી.
- ઉમાશંકર જોશી

દરેક દેશમાં ભુલાતી જતી તેની મૂળભૂત માતૃભાષાની જાળવણી થાય તેમજ વિશ્વમાં સાંસ્કૃતિક વિવિધતા બહાર લાવવાના આશયથી યુનેસ્કોએ ૨૧ ફેબ્રુઆરીનો દિવસ આંતરરાષ્ટ્રીય માતૃભાષાદિન તરીકે જાહેર કર્યો છે.

દોસ્તો! ''જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં સદાકાળ ગુજરાત.'' — આ ગૌરવગાન વિસરી ચૂકેલા આજના પાક્કા ગુજરાતીઓ પોતાના બાળકોને ''ગુજરાતી'' નથી આવડતું એ વાત ગૌરવભેર કહેતા આજે જોવા મળે છે!!! અંગ્રેજો તો ભારતમાંથી ગયા પ...ણ... ગુલામીનો સ્વાદ ચાખી ગયેલા ભારતીયજનો — એમાંયે ખાસ તો આપણા ગુજરાતીઓ અંગ્રેજી ભાષાની ગુલામીમાંથી હજુયે છૂટ્યા નથી... છૂટવા માંગતા પણ નથી. મિત્રો, અંગ્રેજોએ ક્યારેય ગુજરાતી ભાષાનો ઉપયોગ સ્વીકાર્યો નહોતો... એનાથી સૌ કોઈ વિદિત છે જ — પરંતુ અંગ્રેજી પાછળ ઘેલા થયેલા આપણા ગુજરાતીઓને તો અંગ્રેજીનું તો એવું ભૂત વળગ્યું છે કે પોતે ગુજરાતીમાં ભણેલા — ગણેલા ને ઉછરેલા હોવા છતાંયે પોતાનાં બાળકોને મા સમાન માતૃભાષાથી દૂર કરી રહ્યા છે. પોતાના બાળકોને ગુજરાતી માધ્યમમાં ભણાવતાં શરમ — સંકોચ અનુભવે છે... આ બધું જોતાં એવું લાગે છે કે અંગ્રેજી ભાષાનું આવું આવું ગાંડપણ કદાચ આપણા ત્યાં સિવાય અન્ય ક્યાંય જોવા નહિ મળે. જાપાન-ચીન જેવા દેશમાં સૌ પોતાની જ ભાષા વાપરે છે છતાં એમની માનસિકતા ઘણી વિકસિત છે, ખોટા દંભ — આડંબર કે ખોટો ફાંકો નહિ.. આત્મવિશ્વાસથી ભર્યા ભર્યા.... આ લખતાં લખતાં મને પેલી પંક્તિઓ યાદ આવી જાય છે.

''વેલને વાઉ ને કુવા ને વાવ
ગુજરાતી પ્રજાને અંગ્રેજી તાવ''

હમણાં બજારમાં અમદાવાદસ્થિત મારો એક સહાધ્યાયી મળી ગયો, પોતાની સાથે રહેલી પૌત્રીના અંગ્રેજીપણાનું મારી સમક્ષ ગૌરવભેર રીહર્સલ કર્યું... તત્ક્ષણ હું કાઈ ન બોલ્યો કારણ એ એના તાનમાં હતો... આમ કેવળ વટ પાડવા ખાતર કે સામેવાળાને આંજી નાખવાના હેતુથી અંગ્રેજી શબ્દો વાપરી વાત કરનારા આવા અર્ધદગ્ધ મનથી એવું માનતા હોય છે કે, ''ઈંગ્લીશ બોલવાથી આપણી ઈમ્પ્રેશન બહુ સારી પડે છે.'' — ને — પોતાની જાતને ધન્ય માને છે...

આજે અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની મોટાભાગના મા-બાપોને ઘેલછા લાગી છે... આમેય દેખાદેખીમાં આપણા ગુજરાતીઓ પાછા પડે એમ નથી. અનુકરણમાં આપણને કોઈ ન આંબી શકે.... આપણે પ્રત્યેક ક્ષેત્રમાં ગતાનુગતિકનું વરદાન પામ્યા છીએ... બુદ્ધિને તાળું લગાવી બારણે બેઠા છીએ.... મૌલિક રીતે વિચારવાનું જ છોડી દીધું છે. તેથી જ સ્તો ચારેબાજુ નર્યો દંભ જ ડોકાય છે.પેલી લોકોક્તિ સાંભળી હશે,

''પૂરબ કો પંડિત ભલો, જ્ઞાની કો પંજાબ,
કર્મકાંડી કો દખ્ખણ ભલો ઔર ઢોંગીકો ગુજરાત.''

''અંગ્રેજી ભાષાના પ્રયોગથી જ મને મોટાઈ મળશે.'' — એવા ખોટા ખ્યાલથી બે ગુજરાતીઓ પણ અરસપરસ અંગ્રેજીમાં વાતચીત કરવા લાગે ત્યારે સખેદ આશ્ચર્ય થાય છે... આવી કુત્રિમતા ને દંભે જ આપણને ઉપલકિયા બનાવ્યા છે... ટી.વી. પર પ્રદર્શિત થતી ધારાવાહિકો (સીરીયલો) ના સંવાદો પણ અંગ્રેજી મિશ્રિત હોય છે...... લોકશિક્ષણના આ જ સબળ માધ્યમો પણ પોતાની ભૂમિકાનું ભાન ભૂલી બેઠાં છે. હવે તો ''ગુજરાતી'' એમ આખું બોલવાને બદલે ''ગુજ્જુ'' બોલવા લાગ્યા છીએ!!!

ખેર, એક માત્ર મા — બાપની આંધળી ઘેલછાને કારણે પરકીય ભાષામાં અધ્યયન કરનાર કુમળા બાળમાનસને ક્યારેય નજીકથી નિહાળ્યું છે ખરું?! અરે એની સુષુપ્ત શક્તિઓ પૂર્ણપણે ખીલવાને બદલે કુંઠિત થઈ જાય છે... તે જીવનનું ઊંડાણ ક્યાંથી સાધી શકશે? મારા પેલા સહાધ્યાયીની જેમ ઘણીવાર મા-બાપો અતિહોંશથી પોતાના બાળકનું અંગ્રેજી જ્ઞાનનું પ્રદર્શન સૌની પાસે કરાવે છે, માનસશાસ્ત્ર કહે છે તેમ લઘુતાને છાવરવા માણસ ગુરુતાનો આધાર લે છે — એ ન્યાયે અંદરથી ખોખલો બનેલો માણસ આવા પ્રદર્શનથી સૌને આંજવાના મિથ્યા પ્રયાસ આદરે છે.

સાવ નાની અબુધ વયે વિષય જ્ઞાન અને ભાષા જ્ઞાનનો બેવડો બોજ લાદવો એ નારી ક્રુરતા જ છે... દેવનાં દીધેલ બાળપુષ્પોને સુયોગ્ય રીતે ખીલવવાને બદલે આપણે ચીમળાવી નાખીએ છીએ!!

દોસ્તો, ભાષા શીખવી — તેના સાહિત્યને માણવું એ એક વાત છે ને ભાષાના મોહતાજ થવું એ બીજી વાત્યે, મિત્રો, ભાષાનો પ્રભાવ સંસ્કારો પર પણ પડે છે. ક્યારેક સંપત્તિના સ્થાને સંતતિ ગુમાવવાનો વારો આવે છે. એક વાત હંમેશ યાદ રાખજો કે માતૃભાષાનો પાયો મજબૂત થાય પછી માણસ ગમે તેટલી ભાષાઓ શીખે એનાથી એના વ્યક્તિત્વને વ્યાપક પરિણામો સાંપડશે. નબળા પાયા ઉપર ઈમારત સ્વસ્થ રહી શકે ખરી? માતૃભાષાનું મૂળભૂત ઊંડાણ પામ્યા વગરનો માણસ ગમે તેટલી ભાષાઓ શીખે પણ તે સરવાળે છીછરો જ રહે છે, કારણ બાળકનો મોટાભાગનો સમય અને શક્તિ અંગ્રેજી ભાષા સમજવામાં વેડફાઈ જાય છે તેનામાં માત્ર ગોખણપટ્ટી ને જ બળ મળે છે. —

''દેશ ગયા પરદેશ ગયા ને શીખી લાવ્યા વાણી,
'વોટર' કહેતા જીવ ગયો ત્યાં ખાટલા નીચે પાણી.!''

આ મર્મભેદી કટાક્ષ ઘણું બધું કહી જાય છે, પરભાષાના પ્રભાવથી અંજાયેલા પોતાની ભાષાની અવગણના કરનાર ક્યારેય પાણીદાર બની શકતો નથી.ખલિલ જિબ્રાને કહ્યું છે કે, ''મારી માતાએ મારો અભ્યાસ માતૃભાષામાં થાય એવો આગ્રહ જો ન રાખ્યો હોત તો આજે હું ઉન્નતિના શિખરોને સર ન કરી શક્યો હોત.''

જ્ઞાનેશ્વરીમાં લખ્યું છે, ''માઝી મરાઠી માઉલી ચોખંડ ફળલી.'' — મારી માતૃભાષા મરાઠી ચારેયખંડનું પુણ્ય આપનારી છે.''

માતૃભાષા તો માના ધાવણની જેમ તન,મનને પુષ્ટ કરનારી અને બુદ્ધિને ખીલવનારી છે. માતૃભાષામાં શિક્ષણ ન અપાય તો દેશને માત્ર સ્મૃતિમાંનોને બુદ્ધિજીવીઓ કદાચ સાંપડશે પરંતુ પ્રાજ્ઞ કે મેધાવી પુરુષો પ્રાપ્ત થવા દુષ્કળ બની રહેશે. મિત્રો, પરભાષાએ તો ચશ્માં છે ને માતૃભાષા તો આંખ છે. આંખ વગર ચશ્માંની શી કિંમત?

**અનુસંધાન પાના નં. ૭ પર**